જીઆઈપીએસમાં રેડ ડે અને ન્યૂ યરની ઉજવણી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં 'Red Day' અને 'New Year'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો રેડ ડ્રેસ અને પાર્ટી ડ્રેસમાં સજ્જ થઈને આવ્યા હતા. સૌએ સાથે મળીને વર્ષનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

ખૂબ જ આનંદ-ઉત્સાહ અને ખેલ ભાવના સાથે ૨ થી ૫ વર્ષની આયુના, યુરોકિડ્સ કુડાસણના બાબકોએ સુપર હીરોઝની થીમ પર પાંચમો રમતોત્સવ કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટમાં ઉજવ્યો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે સ્થાન શોભાવી, બાળકો તથા તેમના વાલીઓને રમતગમતનું મહત્વ સમજાવી પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું અને ભાગ લેનાર બાળકોને મેડલથી સન્માનિત કર્યા હતાં.

સરકારી વિનયન કોલેજ ખાતે યુવા કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧

યુવા કવિશ્રી હરદ્વાર ગૌસ્વામી, કવિયત્રી રક્ષા શુક્લ, કવિયત્રી જીજ્ઞા મહેતા અને અંકુર શ્રીમાળીએ વિદ્યાર્થીઓને પોતાની કવિતાઓથી રસતરબોળ કર્યા.

સરકારી વિનયન કોલેજ સેકટર-૧૫, ખાતે ગુજરાતી વિભાગ દ્વારા યુવા કવિ સંમેલન યોજાયું

સરકારી વિનયન કોલેજ સેક્ટર ૧૫ ખાતે ગુજરાતી વિભાગ દ્વારા યુવા કવિ સંમેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા કવિશ્રી હરદ્વાર ગૌસ્વામી, કવિયત્રી રક્ષા શુક્લ, કવિયત્રી જીજ્ઞા મહેતા અને અંકુર શ્રીમાળીએ વિદ્યાર્થીઓને કવિતાઓનું રસપાન કરાવ્યું હતું.

કવિ સંમેલનની શરૂઆતમાં જાણીતા કવિયત્રી જીજ્ઞા મહેતા એ પોતાના આગવા અંદાજમાં યુવાનોને સ્પર્શે તેવી ગઝલ ની રજૂઆત કરી હતી.

"લાગણી જો હોય તો કરાર ના કર,
વાત કરજે આંખ થી, અવાજ ના કર,
તું મને અંગત બધા સવાલ પૂછી,
ઘેર આવીને કશી બબાલ ના કર."

સરકારી વિનયન કોલેજ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને કવિ શ્રી અંકુર શ્રીમાળીએ કેટલાક મુક્તકો અને સાંપ્રત સમયમાં સોશિયલ મિડિયામાં ચાલી રહેલી વોટ્સએપ અને ફેસબુક ની દુનિયામાં વિદ્યાર્થીઓને સહેલ કરાવતી રચના દ્વારા કવિતા રજૂ કરી હતી. જેમાં તેમની પોતાની જાણીતી અને સોશિયલ મીડીયામાં ખૂબજ વાઈરલ થયેલી રચના રજૂ કરતા વિદ્યાર્થીઓ આનંદીત થઈ ઉઠ્યા હતા.

"એક પંખી ઉપાડીને સળી, રોજ કરે છે માળો,
ને એક માણસ કરીને સળી, રોજ પીંખે છે માળો."

જાણીતા કોલમિસ્ટ કવિયત્રી અને લેખિકા રક્ષા શુક્લ એ તરન્નુમમાં પોતાની કવિતા અને ગીતો રજૂ કર્યા હતા. જેમાં મહિલા સશક્તિકરણ અંગે કવિતા રજૂ કરી હતી.

"વણ ખેડી જો ભોંય મળે, એમાં પણ પાડુ ચાસ,
વાસણ-કપડા, કચરા-પોતા, એજ નથી અધ્યાસ."

સફળ સંચાલક,કવિ,નાટ્યકાર અને યુવા ગૌરવ પુરસ્કાર વિજેતા કવિ હરદ્વાર ગૌસ્વામીએ પોતાની મોભાદાર શૈલીમાં મુક્ત, કવિતાઓ રજૂ કરી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

"કાનમાં કહેવાની વાત કાનમાં કહેવાય,
એના સાથીયા પુરાય નહી ચોકમાં,
પ્રેમની વાત તો લોહીમાં લખાય,
એના પાટીયા લગાવાઈ નહી ડોકમાં."

ગુજરાતી વિભાગના ઉપક્રમે આયોજિત યુવા કવિ સંમેલનની શરૂઆતમાં કોલેજની પ્રથમ વર્ષની વિદ્યાર્થીની કુમારી વર્ષા ઠાકોર અને બિંદુ રાઠોડે માં સરસ્વતીને યાદ કરી પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ આચાર્યશ્રી આર બી કોઠારી સાહેબ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ કોલેજ સ્ટાફ દ્વારા પૂષ્પગુચ્છ અને ખાદીના રૂમાલ દ્વારા ઉપસ્થિત મહેમાનોને સન્માનવામાં આવ્યા હતા.

આ સમગ્ર કવિ સંમેલનની ભૂમિકા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. હર્ષદ.એમ.પરમારે બાંધી હતી જ્યારે આભાર વિધી પ્રોફેસર ડૉ. બી.એન. બ્રહમભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ કવિ સંમેલનમાં કોલેજના કર્મચારી પ્રાધ્યાપક તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડાયરેક્ટ સે

જે નિરાશાને
કદિ જોતાં નથી
એ આશા કદિ
ખોતાં નથી
જે પ્રયત્નો પર
જીવી જાણે છે
તે કિસ્મત પર
કદિ રોતાં નથી

જન્મદિને વધામણી

કિશોરસિંહ પઢિયાર
પ્રકૃતિપ્રેમી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

યુનિ.ની બીજેએમસી પરીક્ષામાં ચીમનભાઈ ઈન્સ્ટીટ્યુટનો ડંકો

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૯માં લેવામાં આવેલી બેચલર ઑફ જર્નલિઝમ ઍન્ડ માસ કમ્યૂનિકેશન (બીજેએમસી)ની સેમિસ્ટર-૧ની પરીક્ષામાં પ્રથમ દસેય રેન્ક ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જર્નલિઝમ એન્ડ કમ્યૂનિકેશન (સીપીઆઈજેસી)નાં વિદ્યાર્થીઓને ફાળે ગઈ છે. યુનિવર્સિટીએ જાહેર કરેલાં પરિણામ અનુસાર, નાગપુરનો આચાર્ય અક્ષય ધર્મેન્દ્ર ૭.૭૭ એસજીપીએ (સેમેસ્ટર ગ્રેડ પોઈન્ટ એવરેજ) સાથે પહેલા ક્રમે આવ્યો છે.કચ્છ-ભૂજની ભિંડે વૈદેહી ચંદ્રકાંત ૭.૩૯ ગ્રેડ સાથે યુનિવર્સિટીમાં બીજા ક્રમે અને અમદાવાદની કૃપલાની ખુશી નાનક ૭.૩૧ ગ્રેડ સાથે ત્રીજા ક્રમે આવી છે. યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ ૧૦ ક્રમે આવનારમાં ૬ વિદ્યાર્થીનીઓ છે. યુનિવર્સિટીમાં પ્રથમ ૧૦ રેન્ક મેળવનાર સીપીઆઈજેસીનાં તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈન્સ્ટિટ્યૂટની સંચાલક સંસ્થા સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન સિદ્ધાર્થ પટેલ અને ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. હરિ દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા. ઈન્સ્ટિટ્યૂટની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, યુનિવર્સિટીએ પહેલીવાર ચાલુ વર્ષે શરૂ કરેલા ત્રણ વર્ષના બીજેએમસીના અભ્યાસક્રમમાં ઈન્સ્ટિટ્યૂટનાં બીજેએમસીનાં જે ૧૧ વિદ્યાર્થી યુનિવર્સિટીની આ પરીક્ષામાં પ્રથમ દસ ક્રમે આવ્યાં છે ને તેમણે પહેલા જ વર્ષે ઈન્સ્ટીટ્યુટનું નામ રોશન કર્યું છે.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

વામજ ગામમાં એનએસએસ શિબિરનો આરંભ

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના એનએસએસ યુનિટની સાત દિવસીય શિબિરનો વામજ ગામમાં આરંભ કરવામાં આવ્યો છે. શિબિરના ઉદ્‌ઘાટન સમારંભમાં ગ્રામ પંચાયતના સરપંચ મીનાબેન ગોવિંદભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, ઉપ સરપંચ જનકભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, હરજીવનદાસ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, વાડીભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, રામભાઈ સિંધવ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિર અંગેની રૂપરેખા એનએસએસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા રજૂ કરવામાં આવી હતી. ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. રામભાઈ સિંધવે પોતાના પ્રેરક શબ્દોથી વિદ્યાર્થીઓને અભિપ્રેરિત કર્યા હતા.

ભૂખ્યાંને ભોજનની આહલેકના ખરા પ્રતિસાદી : પૂ. હરિબાપા

આજે જેમની જન્મતિથિ ભાવિકો ભાવપૂર્વક ઉજવી રહ્યા છે તે પૂ. શ્રી હરીબાપા રાજકોટ જીલ્લાના જસદણના વતની છે.પિતાનું નામ કાનજીભાઈ ઠક્કરાળ અને માતાનું નામ કુંવરબા. તેમનો જન્મ જસદણ ખાતે શ્રાવણ સુદ-૧૩, ૧૯૩૩માં થયેલો. છ ભાઈઓ અને એક બહેનના પરિવારમાં બધા ભાઈઓ મહારાષ્ટ્રના નાગપુર ખાતે વસે છે અને ખૂબજ સુખી સમૃદ્ધ છે. પૂ. હરીબાપા નવ ધોરણ સુધી અભ્યાસ કરેલ છે, પરંતુ નાનપણથી જ તેઓ ભકિતના રંગે રંગાયેલા હતાં. તેઓ ભણવાને બદલે સતત ગીતા, રામાયણ, ભાગવત્ આદિ ગ્રંથોનું વાંચન જ કર્યા કરતાં હતાં અને એજ કારણોસર અંદાજે ૬૫ વર્ષ પહેલા પૂ. બાપાને ગીતાજીના વાંચનને લીધે ૭૫ રૂપિયાનું રોકડ પુરસ્કાર મળેલું ત્યારે તેઓએ રૂપિયામાંથી તેઓએ નાસિકની જાત્રા કરેલી.

જસદણથી તેમનો પરિવાર મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં રહેવા જતો રહ્યો. બાપા પણ નાગપુર ગયા. બાપાને ભજનઅને ભોજનની જ લગની લાગી હતી. તેમણે શરૂ-શરૂમાં પરિચિતોના ઘેરથી ટિફીન ઉઘરાવી નાગપુર રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલા ગણેશ ટેકરીએ ભુખ્યાઓને ભોજન કરાવવાનું શરૂ કર્યું.

બાપા રોજ ચાલીને જતાં હોય એક સાઈકલની દુકાનદારે બાપાને મફતમાં સાઈકલ આપી. સાઈકલ આવતા બાપાએ વધુ ઘરેથી ટીફીન ઉઘરાવવાનું શરૂ કર્યું અને વરસો સુધી ગણેશ ટેકરી, રામ મંદિર સહિત બીજા સ્થળોએ દરીદ્રનારાયણોને ભોજન કરાવવા લાગ્યા. આ દરમિયાન પૂ. બાપાની સાઈકલ એક દિવસ ચોરાઈ ગઈ. બાપાએ ઈશ્વરની ઈચ્છા સમજી એક નાનકડી ગલીમાં પતરાની છાપરી નીચે ચુલો રાખી પોતે જાતે દાળ શાક રોટલી બનાવવા લાગ્યા. આ કામમાં તેમને તેમના બહેન સવિતાબેન અને તેમના પતિ પણ મદદ કરવા લાગ્યા. જોતજોતામાં ત્યાં પણ રોજ ભોજન કરવા દરિદ્રનારાયણો આવવા લાગ્યા.

આ ક્રમ તેર વર્ષ સુધી ચાલ્યો. પૂ. બાપાની આવી ભાવનાથી પંકાઈને નાગપુરના રઘુવંશી ભાઈઓએ નાગપુરના લક્કડગંજ વિસ્તારમાં ભવ્ય જલારામ મંદિર બનાવ્યું અને હાથીની અંબાડી ઉપર રામદરબાર રાખી પૂ. બાપાના અન્નક્ષેત્રને જલરામ મંદિરમાં ચાલુ કરાવ્યું જેની શોભાયાત્રા નાગપુરના રાજમાર્ગો ઉપર ફરી.

આજે નાગપુરના જલારામ મંદિરે ૩૩ વર્ષથી અન્નક્ષેત્ર ચાલે છે અને ૩૨ વર્ષથી હરે રામ હરે ક્રિષ્નની અખંડ રામધુન ચાલે છે. બાદમાં જસદણ ખાતે પટેલ સ્ટ્રીટમાં આવેલા જલારામ મંદિરે પણ પૂજય બાપાએ અન્નક્ષેત્ર અને રામધુનનો પ્રારંભ કરાવ્યો છે. છેલ્લા ૩૨ વર્ષથી ચાલે છે.

નાગપુર કોર્પોરેશન દ્વારા પૂ. હરીબાપા જે રોડ ઉપર રહે છે તે રોડનું પૂ. શ્રી હરીબાપા માર્ગ નામ આપવામાં આવ્યું છે. તેમજ નાગપુરના લક્કડગંજ વિસ્તારમાં આવેલ શ્રી જલારામ મંદિરની સેવાકીય પ્રવૃત્તિને ધ્યાને લઈને એ રોડનું નામ શ્રી જલારામ માર્ગ આપવામાં આવ્યું છે.

પૂ. જલારામ બાપાના ધર્મપત્ની શ્રી વિરમાઈ માતાના જન્મ સ્થળ આટકોટ ખાતે પણ પૂ. હરિબાપાએ મંદિર બનાવ્યું છે અને પૂ. શ્રી જલારામ બાપા અને પૂ. શ્રી વિરબાઈ માતા લગ્નગ્રંથીના પવિત્ર બંધનમાં બંધાયા તે જગ્યા પર અન્નક્ષેત્ર ચાલુ કર્યું છે તે પણ વર્ષોથી ચાલે છે. ઉલ્લેખનીય છે કે શ્રી વિરબાઈ માતાનું મંદિર વિશ્વમાં એક માત્ર આટકોટ ખાતે જ છે. નાગપુર જલારામ મંદિર દ્વારા અન્નક્ષેત્ર ઉપરાંત વિવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. જેમાં શ્રી જલારામ સત્સંગ મંડળ દ્વારા આયુર્વેદિક તથા હોમીયોપેથીકની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત શ્રી હરી ધુન મંડળ, શ્રી જલારામ મહિલા મંડળ, શ્રી વિરબાઈમાં મહિલા મંડળ સહિતના મંડળો દ્વારા જલારામ મંદિરે અલગ-અલગ દિવસે ધુન ભજનના કાર્યક્રમો રાખવામાં આવે છે. તાજેતરમાં જલારામ મંદિર ખાતે શ્રી હરિ ફિઝીયોથેરાપીનો આધુનિક મશીનો દ્વારા પ્રારંભ પણ કરવામાં આવ્યો છે. નાગપુર ખાતે કુદરતી આપતી સમયે પણ જલારામ મંદિર દ્વારા યોગ્ય સહાય પહોંચાડવામાં આવે છે.જસદણ ખાતે પણ પૂ. હરીરામ બાપા પ્રેરિત અખંડ રામધુન અને અન્નક્ષેત્ર ૩૨ વર્ષથી ચાલે છે. ઉપરાંત શ્રી હરીરામ બાપા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એમ્બ્યુલન્સ સેવા તેમજ આર્ટસ કોમર્સ કોલેજ પણ ચાલે છે.

શ્રી જે બી સ્કૂલમાં બાળબજાર યોજાયું

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ વ્યવસાયનાં સુંદર સ્ટોર બનાવી સફળ સંચાલન કર્યું હતું. બાળકોએ તેમના અભ્યાસના ભાગરૂપે કરિયાણા, દવાઓ, શાકભાજી, સ્ટેશનરી અને જનરલ વસ્તુઓના સ્ટોર બનાવ્યા હતા અને પોતાની આવડત મુજબ તેમનું સંચાલન પણ કર્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વ્યવસાય અંગે ઊંડાણપૂર્વકની માહિતી પૂરી પાડી હતી અને સાથે સાથે તોલ-માપ અને પૈસાની લેવડદેવડમાં રાખવા જેવી સાવધાનીથી માહિતગાર કર્યા હતા.

બાળપણથી જ વિદ્યાર્થીઓ વ્યાપાર અને ધંધા રોજગારની માહિતી પ્રાપ્ત કરે અને બજારમાંથી વસ્તુની ખરીદી કરી શકે તે હેતુથી યોજાયેલ પ્રદર્શન અને સફળ સંચાલનથી શાળાના શિક્ષકો પ્રભાવિત થયા હતા તથા શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

રૉટરી ક્લબ ઑફ કેપિટલ, ગાંધીનગર દ્વારા "લાફ્ટર યોગા" કાર્યક્રમ યોજાશે

હાસ્યગુરુ ડૉ. મદન કટારિયાજી તાલીમ આપશે

ગાંધીનગર, તા. ૧

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વર્તમાન સમયની તાતી જરુરીયાત યોગના પ્રચાર પ્રસાર અર્થે વિશિષ્ટ કાર્યક્રમ "લાફ્ટર યોગા ટ્રેનીંગ" કાર્યક્રમ યોજાશે. આગામી તા. ૦૩-૦૧-૨૦૨૦, શુક્રવારે બપોરે ૩.૪૫ થી ૫.૩૦ સુધી પ્રખ્યાત હાસ્યગુરુ ડૉ. મદન કટારિયાજી દ્વારા લાફ્ટર યોગા ટ્રેનીંગના વિશિષ્ટ કાર્યક્રમનું આદર્શ નિવાસી શાળા (કન્યા), સેક્ટર-૮, ઈન્કવાયરી સામે, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે.

હાસ્યગુરુ ડૉ. મદન કટારિયા આ ક્ષેત્રમાં ખૂબ જ મોટું પ્રદાન આપી રહ્યાં છે. ગાંધીનગર નિવાસીઓનું સૌભાગ્ય છે કે તેઓ આપણા આંગણે પધારી રહ્યાં છે અને પોતાની વિશિષ્ટ શૈલીનો પરિચય કરાવવાના છે. જેનો લાભ લેવા ગાંધીનગરની જનતા તેમજ ખાસ કરીને યોગના વિષય નિષ્ણાંતોએ લાભ લેવા હાર્દિક આમંત્રણ છે. કાર્યક્રમની વિશિષ્ટ જાણકારી અર્થે રોટે. ઈલાબેન વોરા (મો. ૯૪૨૬૩ ૬૭૫૭૩)નો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ તદ્દન નિઃશુલ્ક જોડાઈ શકે છે.

સંસ્થાના પૂર્વ પ્રમુખ અને સેવાભાવી સજ્જન સ્વ. ભરત કવિને અનોખી અંજલી

આત્મન ફાઉન્ડેશન દ્વારા અગરિયા પરિવારોને જરૂરિયાતની વસ્તુઓની ભેટ

ગાંધીનગર, તા. ૧

આત્મન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે ખાસ કરીને મીઠાના અગરોમાં કામ કરતા શ્રમિક પરિવારોને એમની જરૂરિયાતની વિવિધ ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં એક જ અઠવાડિયામાં બીજી વાર સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા અને ઝીંઝુવાડા વિસ્તારના અગરિયા પરિવારોને ધાબળા, સાડી, એક કિલો મગ અને એક કિલો ગોળ એ મુજબ ૧૨૫ જેટલા પરિવારોને પ્રભુપ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. ઝીંઝુવાડા રણ, ફતેપુરા રણ, વિસનગર રણ, ચકાભાઈના પાટા, ફુલગામડી, અચેડાની ઢસી, કનેરી જાળુ, ઓડુ પહેલી મંડળી, છઠ્ઠી મંડળી, આલોક મંડળી, ટી. એમ.મંડળી - એમ રણમાં મીઠું પકવતા અગરિયા પરિવારોને વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રજ્ઞાબહેન પટેલ, કિશોરભાઈ જીકાદરા, અગરિયા હિતરક્ષક મંચના સ્થાનિક કોર્ડીનેટર ભરતભાઈ સોમેરા અને કાર્યકર આનંદભાઈ સોલંકી આ વિતરણ કાર્યમાં સહભાગી થયા હતા. આત્મન સંસ્થાનાં આવાં સેવાકાર્યોમાં હંમેશા સ્વ.ભરતભાઈ કવિ સાથે જોડાતા અને સહયોગી બનતા. તેમની સ્મૃતિમાં કચ્છ અને ખારાઘોડાનાં આ બન્ને સેવાકાર્યો સ્વ. ભરતભાઈ કવિને અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ રીતે તેઓને અંજલિ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ સેવાકાર્યના ચાર દિવસ પહેલાં કચ્છના આડેસર વિસ્તારના ૧૦૦ થી વધુ અગરિયા પરિવારોને આ જ મુજબની ચીજવસ્તુઓનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.